


# રમેશભાઈ એન. મિસ્ત્રી

**ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ વિધાનસભા**

૪૧, ધર્મનગર સોસાયટી, પ્રાર્થના વિદ્યાલય પાસે, મુ.પો. ભોલાવ–૩૯૨૦૦૧, તા. જી. ભરૂચ, ગુજરાત


રેફરન્સ નં. : એમ.એલ.એ.–૧૫૩ ભરૂચ / ૫૨૫ – ૨૦૨૫ તારીખ : ૦૫/૦૧/૨૦૨૫

## શુભેચ્છા સંદેશ

શ્રી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ દ્વારા સંચાલિત નારાયણ વિદ્યાલય, ભરૂચ શહેર તથા આજુ-બાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાં ઘણાં વર્ષોથી એક પ્રતિષ્ઠા ધરાવતું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહનું શૈક્ષણિક સંસ્થાન છે. નારાયણ વિદ્યાલય દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સતત પ્રવાહ વહેતો રાખી વિદ્યાર્થીના વિકાસને હંમેશા અગ્રતાક્રમ આપવામાં આવેલ છે. અને આ પ્રક્રિયાનાં ભાગ રૂપે વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓની સિધ્ધીઓને બિરદાવતો, શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહિત કરતો અને સમાજમાં હંમેશા પ્રેરણા મળતી રહે તેવા વિદ્યાલય દ્વારા યોજાયેલ વિવિધ નવતર શૈક્ષણિક પ્રયોગો, શિક્ષકોનાં જ્ઞાનસત્રો, પ્રોજેક્ટ પ્રદર્શનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસની પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરતો ૨૦૨૪-૨૫ નો "નારાયણ ધ્વનિ" નામનો ગુજરાતી માધ્યમની ૩૭મી આવૃત્તિ તથા અંગ્રેજી માધ્યમનો અંક-૮, ૩૮મી આવૃત્તિનો એક-એક અંક પ્રગટ કરવામાં આવી રહ્યો છે. તે જાણી ખુબ આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

આ "નારાયણ ધ્વનિ" ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં બંને અંકો જયારે પ્રગટ થઇ રહ્યાં છે ત્યારે આ ભગીરથ કાર્યમાં સહભાગી વિદ્યાલયનાં વિદ્યાર્થી ભાઇ-બહેનો, શિક્ષકગણ, આચાર્યશ્રીઓ તથા શાળા સંચાલક મંડળનાં દરેકને સતત આવી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કોટિ-કોટિ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

આભાર સહ...

આપનો

**પ્રતિ,**
**આચાર્યશ્રી, નારાયણ વિદ્યાલય,**
**ત્રિમૂર્તિ હોલ પાછળ, શકિતનાથ, ભરૂચ.**

Ramesh N. Mistry M.L.A. : 153 BHARUCH

રમેશભાઇ એન. મિસ્ત્રી
ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ

---

## ભકિતભાઇ એમ. પટેલ

૩૬/૧, વણાંકબોરી, થર્મલ પાવર સ્ટેશન કોલોની,
તા. ગળતેશ્વર, જી. ખેડા.
તા. ૨૩/૭/૨૦૨૪

પ્રતિ,
સ્નેહીશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ સાહેબ,
નિયામકશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ.

સાદર નમસ્કાર,

આપના નારાયણ ધ્વનિ અંક ૩૪ મળેલ છે. જે બદલ આભાર.

નારાયણ વિદ્યાલય ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળા મારફત નારાયણ ધ્વનિના બંને અંકો વાંચ્યા.

ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડના કેલેન્ડર મુજબ ૨૪૦ દિવસોમાં શૈક્ષણિક અભ્યાસ અને સહસભ્યાસ પ્રવૃત્તિ વિશેષમાં જોવા મળી છે. મારા છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ફકત આ એક જ શાળા જોવા મળી છે. અભ્યાસ ઉપરાંત સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અંકમાં જોતાં બાળકોનું ભણતર અને ઘડતરનું કામ સાચા અર્થમાં જોવા મળ્યું. શ્રી ભગુભાઇ તથા શાળા સ્ટાફ-ટીમ પરિવાર થકી શકય બન્યું છે.

ધો. ૧ થી ૨ સુધીના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં બાળકોનું ઘડતર થયેલ જોવા મળે છે.શાળાનું પરિણામ રાજય કક્ષા ઉત્તમ તેમજ પ્રથમ હરોળની શાળા છે. સહઅભ્યાસ પ્રવૃત્તિ જેવી કે, રમત-ગમત, ચિત્ર, સાહિત્ય, વિજ્ઞાન, સંગીત વિગેરેના લીધે બાળકોનું સાચું ઘડતર જોવા મળે છે.

બંને અંકો ચિત્રોમય, માહિતીસભર જોવા મળે છે. આપશ્રી તથા સ્ટાફ પરિવાર, શાળા સંચાલક મંડળ તમામ પ્રકારની મહેનત અને મદદ મળતી જોવા મળે છે. શાળા સંચાલક તથા શાળા પરિવાર કોઇ પણ આર્થિક દાન સિવાય કામ કરી રહી છે. તે બદલ આપશ્રી તથા સ્ટાફ પરિવારને અભિનંદન. શાળા વધુ પ્રગતિ કરે તેવી મારી શુભકામના.

**આપનો સ્નેહાધિન**

**ભકિતભાઇ એમ. પટેલ**

**સતત સફળતા મળી રહી છે તો તેનાથી નિરાશ થવું જોઇએ નહી,કયારેક ગુચ્છાની છેલ્લી ચાવીથી તાળુ ખુલી જાય છે એટલે કોશિશ કરતા રહો એક દિવસ સફળતા જરૂર મળશે.**



# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી


**હોસ્ટેલ ગ્રાઉન્ડ, ભરૂચ.**

E-mail : bharuchdeo@gmail.com Phone : 02642-240424


**જા.નં. : શુભેચ્છાપત્ર/૨૦૨૪–૨૫** **તા. ૧૦/૦૧/૨૦૨૫**

## શુભેચ્છા સંદેશ

પરમ શ્રધ્ધેય પૂજ્ય પાદ બ્રહ્મલીન સંત શ્રી નારાયણ બાપુના શુભાશિષથી નારાયણ વિદ્યાલય, ભરૂચ અત્રેના જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ સોપાનો સર કરી રહી છે. ત્યારે ''નારાયણ ધ્વનિ'' ગુજરાતી માધ્યમ અંક-૩૭ અને અંગ્રેજી માધ્યમ અંક-૩૮, ૨૦૨૪-૨૫ પ્રગટ કરી રહ્યા છો, જે આનંદદાયક બાબત છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓના દ્વારા આ નવાચાર સરાહનીય છે.

વર્ષ દરમ્યાન શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં યોજાયેલ વિવિધ પ્રયોગો, નવીન પ્રવૃત્તિઓ, શિક્ષકોનું જ્ઞાનસત્ર, પ્રોજેક્ટ પ્રદર્શન, જ્ઞાનોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિદ્યાર્થીઓની વિવિધ સિધ્ધિઓને બિરદાવતો, વિદ્યાર્થીઓમાં રહેલી મૌલિકતા, સર્જનાત્મક અને વૈજ્ઞાનિક શૈલીને ખીલવતો અને વાલીઓને પ્રોત્સાહન આપતો, સમાજમાં પ્રેરણા પ્રસરાવતો જ્ઞાનસભર શૈક્ષણિક અંક "નારાયણ ધ્વનિ" પ્રકાશિત થઇ રહ્યો છે. જે કાર્ય આપ સૌ શાળા પરિવારનું સરાહનીય છે. જે બદલ સૌ શાળા પરિવારને હૃદયપૂર્વકથી શુભેચ્છા પાઠવું છું. આપનો "નારાયણ ધ્વનિ" અંક વાચક વર્ગને પ્રેરણાદાયી અને ઉપયોગી બને એવી શુભેચ્છા.

આપની શાળા, શિક્ષકો અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેના આ પ્રયત્નો ભવિષ્યમાં પણ પ્રગતિશીલ રહે. આપનો પુરુષાર્થ, ક્ષમતા પરિણામ સ્વરૂપે પ્રવર્તે અને આપની આ પહેલ સતત ગતિશીલ રહે તેવી આપના વ્યવસ્થાપક, કાર્યકર્તા સંચાલકો, શિક્ષકો સૌને ગૌરવભેર શુભેચ્છાઓ.

(જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)
ભરૂચ

---

# કૉલેજ ઓફ એજયુકેશન, ખરોડ.


**ડૉ. આઈ. કે. અન્સારી**
**પ્રિન્સીપાલ, બી.એડ્. કોલેજ, ખરોડ**


રેફ.નં. : ૧૮૦/૨૦૨૪-૨૫ તા. ૧૦/૯/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
નારાયણ વિદ્યાલય, ભરૂચ.

સાદર નમસ્કાર....

નારાયણ વિદ્યાલય, ભરૂચ તરફથી પારસમણિ (વર્ષ : ૨૦૨૪-૨૫) નો નારાયણ ધ્વનિનો દળદાર વિશેષાંક : ૩૬ અમને પ્રાપ્ત થયો છે. નારાયણ વિદ્યાલય વિદ્યાર્થીઓનાં ઘડતર માટે નીત-નવીનતમ પ્રયોગો હાથ ધરે છે. જે વિદ્યાલયની મૂલ્ય પ્રતિષ્ઠામાં વધારો કરે છે. પારસમણિ પ્રોજેક્ટ અંતર્ગત ધો. ૬ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ દ્વારા ૪૫ પ્રકારનાં ૧૩૮૮ વ્યવસાયિકોની મુલાકાત હાથ ધરવામાં આવી છે. ખૂબ જ પ્રશંસનીય, મહત્વપૂર્ણ અને ઉપયોગી પ્રકલ્પ હાથ ધરીને વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દી માટે તેમના માનસમાં ચોકકસ રોલ મોડલ સ્થાપિત કરવા માટે કટિબદ્ધ થશે એવું માનું છું. આ પ્રોજેકટ માટે ચોકકસ પદ્ધતિસરનું આયોજન જોઇએ. જેમાં આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની મહેનત પ્રતિપાદિત થતી જોવા મળે છે. વિદ્યાર્થીઓને તેમની યોગ્ય માનસિક વયે ઊંચું વિઝન અને મિશન પ્રાપ્ત થાય છે, જે અત્યંત આવકારદાયક છે.

શાળાનાં ડાયરેકટર અને આચાર્યનું ઊંચું વિઝન શાળા પરિવાર માટે અત્યંત ગર્વની વાત છે. આ પ્રોજેકટના હેતુને સુસંબંધિત નામકરણ "પારસમણિ" કરવામાં આવ્યું છે. પારસમણિ લોહને તો સુવર્ણ બનાવે છે. પણ આ પ્રવૃત્તિ ખરેખર વિદ્યાર્થીઓના હીરને બહાર લાવવા માટેનું માધ્યમ સાબિત થાય છે. આવા નવીન વિચારોને અમલમાં મૂકી વિદ્યાર્થીઓનું ખૂબ સારું ઘડતર થાય અને તેના થકી રાષ્ટ્રનાં વિકાસમાં તેમનું યોગદાન બની રહે તેવી શુભકામના સાથે સંસ્થા અને સંસ્થા પરિવારની પ્રગતિ ઇચ્છું છું.

Principal
College of Education
Kharod, Ta. Ankleshwar